## સંક્ષિપ્ત સમાચાર

### ઉચ્છલના કરોડ ગામમાં દીપડો પાંજરે પુરાયો



વ્યારા: ઉચ્છલના કરોડ ગામમાં ખેડૂત હરિસિંગભાઈ દાંવાભાઈના ખેતરમાં ઘણા સમયથી દીપડો દેખા દેતાં ખેડૂતો, ખેતમજૂરો અને આજુબાજુના ગામના લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. દીપડાને પકડવાની માંગ ઊઠતાં ઉચ્છલ ટાવલી રેંજના સ્ટાફ દ્વારા મારણ સાથે પાંજરું મૂકવામાં આવ્યું હતું, જેમાં બીજા જ દિવસે અંદાજિત અઢી વર્ષનો દીપડો પાંજરે પુરાયો હતો. જેથી ખેડૂતોએ રાહતનો શ્વાસ લીધો હતો.

### હથોડામાં પોલીસ ઉપર હુમલામાં LCBએ 7 વોન્ટેડ આરોપીને દબોચી લીધા

પલસાણા: સુરત ગ્રામ્ય જિલ્લાના કોસંબા પોલીસ સ્ટેશન વિસ્તારના હથોડા ગામે ગૌવંશ કતલની તપાસ કરવા ગયેલી પોલીસ ટીમ પર થયેલા હિંસક હુમલાના કેસમાં પોલીસને મોટી સફળતા મળી છે. સુરત ગ્રામ્ય લોકલ ક્રાઇમ બ્રાન્ચે આ ચકચારી ઘટનામાં સંડોવાયેલા અને લાંબા સમયથી નાસતા-ફરતા 7 મુખ્ય આરોપીઓની ધરપકડ કરી છે. PSI જે.એલ. પટેલ અને તેમની ટીમે ટેકનિકલ સર્વેલન્સ તથા ખાનગી બાતમીદારોની મદદથી ઓપરેશન પાર પાડી હથોડા ગામેથી જ તમામ સાતેય આરોપીઓને કોર્ડન કરી ઝડપી પાડ્યા હતા. ઝડપાયેલા આરોપીઓમાં 50 વર્ષીય મહમદ સઇદ હૈદર બાજી સહિત મોહસીન મલેક, મોઇન ઝીણા, મોહીઉદ્દીન શેખ, સાબીર અસરફ, યુનુસ ફતે અને બીલાલ શેખનો સમાવેશ થાય છે. આ તમામ આરોપીઓ વિરુદ્ધ કોસંબા પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો હતો. હુમલો કર્યાની કબૂલાત બાદ LCBએ તમામનો કબજો કોસંબા પોલીસને સોંપી તપાસ હાથ ધરી છે.

### ચેક રિટર્ન કેસમાં બારડોલીના ટ્રાવેલ સંચાલકને 2 વર્ષની સજા

બારડોલી: બારડોલીના વરાડ ગામે રહેતા અર્જુન કુમાવતે રાજસ્થાનમાં પ્લોટ ખરીદવા પેટે બારડોલીના એસ.આર. ટ્રાવેલ્સના સંચાલક ઉમરાવસિંહ કુમાવતને રૂ. ૬.૩૦ લાખ ચૂકવ્યા હતા. સોદો રદ થતા ઉમરાવસિંહે આપેલો ચેક બેલેન્સના અભાવે રિટર્ન થયો હતો. આ કેસમાં બારડોલી કોર્ટે મહત્ત્વનો ચુકાદો આપતા આરોપીને ૨ વર્ષની કેદની સજા અને ચેક મુજબની રકમ ચૂકવવા આદેશ કર્યો છે. નાણાં ન ચૂકવે તો વધુ ૬ માસની સજા અને જામીન રદ કરી આરોપીને કસ્ટડીમાં લેવા હુકમ કરાયો છે. વકીલ યોગેશ શાહની દલીલો અને પુરાવાઓને આધારે બારડોલી કોર્ટના પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ અને એડિશનલ જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ એમ.કે.શાહે આ ચુકાદો આપ્યો હતો.

### ભરૂચના ચેક બાઉન્સ કેસમાં આરોપીનો છૂટકારો

ભરૂચ: ભરૂચની એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે રૂ.3.60 કરોડના ચર્ચાસ્પદ ચેક બાઉન્સ કેસમાં મહત્ત્વનો ચુકાદો આપતાં આરોપી મોહસીન અહેમદ કાઝીને નિર્દોષ મુક્ત કર્યો છે. ફરિયાદી સલીમભાઈ દરબારે નોંધાવેલા આ કેસમાં બચાવ પક્ષના વકીલ હબીબ વોરાએ દલીલ કરી હતી કે રજૂ કરાયેલા બિલો અને બેંક દસ્તાવેજોમાં ટેકનિકલ ખામીઓ છે. કોર્ટે નોંધ્યું કે, ફરિયાદી પક્ષ કાયદેસરનું લેણું સાબિત કરવામાં નિષ્ફળ રહ્યો છે. પુરાવાઓના અભાવે અને શંકાનો લાભ આપી અદાલતે આરોપીને તમામ આક્ષેપોમાંથી મુક્ત કરવાનો હુકમ કર્યો છે.

### કામરેજના ઈસમ પાસે છેતરપિંડી

કામરેજ: કામરેજ ચાર રસ્તા પાસે રહેતા દિનેશભાઈ સલિયા સાથે હિટાચી મશીન ભાડે રાખવાના બહાને વિશ્વાસઘાત થયો છે. કઠોર ગામના મોહમ્મદ સૈફ નામના શખ્સે આફ્રિકાથી વોટ્સએપ કોલ કરી નાનાપોંઢા ધરમપુરમાં કન્સ્ટ્રક્શન કામ માટે ટાટા કંપનીનું હિટાચી મશીન ભાડે માંગ્યું હતું. ગત ૧૪ માર્ચે મશીન અને ડ્રાઈવર સંદીપ પટેલ (મૂળ રહે.,વિલપંતી, હનુમાન-સેવા, મધ્યપ્રદેશ)ને મોકલ્યા બાદ આરોપીએ ભાડાના માત્ર રૂ.૧.૪૫ લાખ જ ચૂકવ્યા હતા. ૧ એપ્રિલે તપાસ કરતાં મશીન અને ડ્રાઈવર બંને ગાયબ જણાયા હતા અને આરોપી મોહમદ સૈફે ફોન બંધ કરી દીધો હતો. આ અંગે દિનેશભાઈએ કામરેજ પોલીસ મથકમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી.

### ભરૂચ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળને નવા વાહનની ફાળવણી

ભરૂચ: ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ દ્વારા ભરૂચ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની કચેરીને એક મલ્ટી યુટિલિટી વ્હીકલ (MUV) મહિન્દ્રા બોલેરો ગાડી ફાળવવામાં આવી છે. આ વાહનનો ઉપયોગ કાનૂની જાગૃતિ કાર્યક્રમો, કાયદાના પ્રચાર-પ્રસાર અને લીગલ એઈડ પ્રવૃત્તિઓ માટે કરાશે. નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરિટી (નાલસા) અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, અમદાવાદ તરફથી આ વાહનની ફાળવણી કરાઈ છે.

### સદગવાણમાં નેત્રનિદાન કેમ્પ યોજાયો

કુકરમુંડા: કુકરમુંડાના સદગવાણ ગામે તાપી જિલ્લા આરોગ્ય કર્મચારી મંડળ, તાલુકા આરોગ્ય કચેરી કુકરમુંડા અને દિવ્ય જ્યોતિ ટ્રસ્ટ માંડવીના સહયોગથી નેત્રનિદાન અને સારવાર કેમ્પ યોજાયો હતો. કેમ્પમાં આસપાસના પીસાવર, નીભોરા, ઉબદ, ભમશાળ, હોળ, સાતોલા, બાલદા અને બહુરૂપા ગામોના મળીને કુલ 245 દર્દીએ તપાસનો લાભ લીધો હતો.

### શેરડીની શાળામાં હેલ્થ કેમ્પ યોજાશે

સાયણ: ઓલપાડના શેરડી ગામની પ્રાથમિક શાળામાં એન્જેલિક પાવર ફાઉન્ડેશન સુરત દ્વારા રવિવાર, તા.૧૨ એપ્રિલે હેલ્થ કેમ્પ યોજાશે. સવારે ૧૦થી બપોરે ૨ વાગ્યા સુધી તબીબો મફત સેવા આપશે.

### વાંકલ કોલેજ ખાતે ચૂંટણીની તાલીમ

વાંકલ: આગામી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીને ધ્યાનમાં રાખીને માંગરોળ મામલતદાર કચેરીના ઉપક્રમે વાંકલ કોલેજ ખાતે ચૂંટણી સંબંધિત તાલીમ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. ચૂંટણી દરમિયાન ઉપયોગમાં આવતાં વિવિધ પત્રકો તેમજ વૈધાનિક કવર, બિન વૈધાનિક કવર વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.

### કુડાદરા ગામે ભવ્ય લોકડાયરો યોજાયો

અંકલેશ્વર: હાંસોટના કુડાદરા ગામે રાજ્ય કક્ષાના મંત્રી ઈશ્વરસિંહ પટેલ અને જય ભવાની ગ્રુપ દ્વારા લોક ડાયરાનું આયોજન કરાયું હતું, જેમાં લોકગાયક કીર્તિદાન ગઢવી અને અપેક્ષા પંડ્યાએ લોકગીતો તેમજ ભજનોની રમઝટ બોલાવી હતી. આ પ્રસંગે આસપાસના ગામોના મોટી સંખ્યામાં ગ્રામજનો કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

### અંકલેશ્વરમાં PMIS અંગે સેમિનાર

અંકલેશ્વર: UPL યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેક્નોલોજી દ્વારા 7 એપ્રિલે પ્રધાનમંત્રી ઇન્ટર્નશિપ યોજના (PMIS) અંગે એક માહિતીસભર જાગૃતિ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કુલ 85 વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી. આ સત્રનું માર્ગદર્શન નિમેશ રાઠોડ, ગુજરાત સ્ટેટ હેડ, કોન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રી (CII) દ્વારા આપવામાં આવ્યું હતું.

### ભરૂચમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી અંતર્ગત પોલિંગ ઓફિસરો માટે તાલીમ યોજાઈ

ભરૂચ: ભરૂચ જિલ્લામાં આગામી 26મી એપ્રિલના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને લઈને વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ચૂંટણી પ્રક્રિયા પારદર્શક અને સુચારુ રીતે સંપન્ન થાય તે હેતુથી ભરૂચની સરકારી એન્જિનિયરિંગ કોલેજ ખાતે પોલિંગ ઓફિસરો માટેના ખાસ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ શિબિરમાં બે અલગ-અલગ સેશનમાં અંદાજે 600 જેટલા પોલિંગ ઓફિસર અને આસિસ્ટન્ટ પોલિંગ ઓફિસરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# ભરૂચની ઝાડેશ્વર ચોકડી પાસે મીઠા પાણીની લાઈનમાં ભંગાણ

**લાખો** લીટર પાણી વેડફાયું, વાહન પાર્કિંગ વિસ્તારમાં તળાવ જેવી સ્થિતિ



ભરૂચ: ભરઉનાળે પાણીની તંગી વચ્ચે ઝનોરથી આવતી મીઠા પાણીની પાઈપ લાઈનમાં ઝાડેશ્વર ચોકડી પાસે ભંગાણ પડતાં લાખો લીટર મીઠું પાણી વેડફાયું હતું. આ ઘટનાથી આસપાસના ખેતરો અને વાહન પાર્કિંગ વિસ્તારમાં તળાવ જેવી સ્થિતિ સર્જાઈ છે.

ઝાડેશ્વર ચોકડી પાસે આવેલાં અભિનવ એવન્યુ સામેથી પસાર થતી પીવાના મીઠા પાણીની મુખ્ય લાઈનમાં અચાનક પંચર થતાં પાણીનું ઝરણું ફૂટી નીકળ્યું હતું. કલાકો સુધી પાણીનો નિકાલ ન થતાં આસપાસના વિસ્તારમાં પાણી ફરી વળ્યું હતું. ખેતરોમાં પાણી ભરાઈ જતાં ખેડૂતોને પાકને નુકસાન થયું છે, જ્યારે નજીકના વાહન પાર્કિંગમાં કાદવ-કીચડનો મારો પડ્યો છે. નોંધનીય છે કે આ લાઈન લીકેજ અંગે લારીધારકોએ થોડા દિવસ પહેલાં જ તંત્રને રજૂઆત કરી હતી, પરંતુ કોઈ કાર્યવાહી ન થતાં મોટું ભંગાણ સર્જાયું હતું. ઘટનાની જાણ થતાં સંબંધિત અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા અને પાઈપ લાઈનના સમારકામની કામગીરી હાથ ધરી છે. સ્થાનિક રહીશોએ રોષ વ્યક્ત કરતાં કહ્યું કે, ઉનાળામાં પીવાના પાણીની કીમતી દરેક ટીપું અમૂલ્ય હોય છે, ત્યારે તંત્રની બેદરકારીને કારણે લાખો લીટર પાણીનો વેડફાટ થયો છે. નાગરિકોએ આવી બેદરકારી સામે તાત્કાલિક કાર્યવાહી કરવા માંગ કરી છે. પાણીની લાઈનનું સમારકામ કરી રહેલા નગરપાલિકાના અધિકારીઓએ જણાવ્યું કે, શક્ય તેટલી વહેલી તકે લાઈન સુધારી દેવામાં આવશે અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે.

# સોનગઢમાં કૂતરાંના હુમલાથી ઘવાયેલા હરણને નવજીવન મળ્યું

**ફાયર** જવાનોએ સ્થાનિક લોકોની મદદથી જાળીનો ઉપયોગ કરી હરણને બચાવ્યું



સોનગઢ: સોનગઢના ઐતિહાસિક કિલ્લાના જંગલ વિસ્તારમાંથી ભટકીને માનવ વસતીમાં આવી ચઢેલા એક અબોલ વન્યજીવનો જીવ બચાવવા માટે સોનગઢ ફાયર ટીમ અને વન વિભાગે મધરાતે ભારે જહેમત ઉઠાવી હતી. કૂતરાઓના હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા 'ભેખર' (હરણની એક પ્રજાતિ)ને સમયસર રેસ્ક્યુ કરી તેની યોગ્ય સારવાર કરાવી હતી.

સોનગઢ કિલ્લાના જંગલમાંથી વિચરણ કરતું એક ભેખર રાત્રિના સમયે રેલવે ટ્રેકની સામે આવેલા જેસિંગપુરા અને અલી નગર વિસ્તારમાં આવી ચઢ્યું હતું. આ દરમિયાન રખડતાં કૂતરાંએ તેના પર હુમલો કરી દીધો હતો. કૂતરાંએ ભેખરને ગળાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ દૃશ્ય જોઈ આસપાસના લોકોએ તાત્કાલિક હિંમત બતાવી કૂતરાંને ભગાડી હરણને બચાવ્યું હતું, પરંતુ તે લોહીલુહાણ હાલતમાં એક ખાડામાં ભરાઈ ગયું હતું. રાત્રે લગભગ ૩ વાગ્યે સોનગઢ ફાયર સ્ટેશન પર ૧૧૨ ઈમરજન્સી સર્વિસ તરફથી આ અંગેની જાણ કરવામાં આવી હતી. માહિતી મળતાં જ ફાયર ટીમની ટુકડી તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી. ફાયર જવાનોએ સ્થાનિક લોકોની મદદથી જાળીનો ઉપયોગ કરી ખૂબ જ સાવધાનીપૂર્વક ગભરાયેલા અને ઈજાગ્રસ્ત ભેખરનું રેસ્ક્યુ કર્યું હતું. મધરાતનો સમય હોવાથી હોસ્પિટલમાંથી તાત્કાલિક મદદ મળવી મુશ્કેલ હતી, જેથી ફાયર ટીમ આ ઈજાગ્રસ્ત જીવને લઈને સીધી સોનગઢ વન વિભાગની કચેરીએ પહોંચી હતી. ત્યાં આર.એફ.ઓ.એ પરિસ્થિતિની ગંભીરતા સમજીને તાત્કાલિક પોતાના સ્ટાફને હાજર થવા સૂચના આપી હતી. વન વિભાગનાના અધિકારી અડધી રાત્રે જ ઈજાગ્રસ્ત હરણને જરૂરી પ્રાથમિક સારવાર આપી હતી અને તેના માટે ખોરાક-પાણીની વ્યવસ્થા કરી હતી. આમ, સ્થાનિકો, ફાયર ટીમ અને વન વિભાગના સંયુક્ત પ્રયાસોથી હાલ સારવાર હેઠળ મુકાયું છે તેવું સોનગઢના વન વિભાગના અધિકારીએ જણાવ્યું હતું.

## અંકલેશ્વરમાં ગીરવે મૂકેલા દાગીના ઓળવી જનાર જ્વેલર્સ જેલભેગો

અંકલેશ્વર: અંકલેશ્વરમાં ઊંચા વ્યાજે રૂપિયા આપીને વેપારીના ગીરવે રાખેલાં સોનાનાં ઘરેણાં પરત ન આપવાના મામલે એ ડિવિઝન પોલીસે કાર્યવાહી કરી માણેક જ્વેલર્સના માલિકની ધરપકડ કરી છે. અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં જલધારા ચોકડી નજીક રહેતા રતનલાલ ખંડાલા કટલરીનો વ્યવસાય કરે છે. તેમની આર્થિક પરિસ્થિતિનો લાભ લઈ અંકલેશ્વર શહેરના મોચીવાડ વિસ્તારમાં રહેતા અને માણેક જ્વેલર્સ નામની દુકાન ધરાવતા પંકજ સોનીએ મહિનાના ત્રણ ટકા જેટલા ઊંચા વ્યાજે રૂ.1.10 લાખ આપ્યા હતા. આ રકમ બદલ રતનલાલની પત્નીનાં સોનાનાં ઘરેણાં ગીરવે મૂકવામાં આવ્યાં હતાં. પછી રતનલાલે વ્યાજ સહિત સંપૂર્ણ રકમ ચૂકવી ઘરેણાં પરત માંગ્યાં હતાં. પરંતુ આરોપી પંકજ સોનીએ પોતાની દુકાનમાં તેમની સાથે ઝપાઝપી કરી દુકાનમાંથી કાઢી મૂક્યા હતા. વધુમાં ગીરવે મૂકેલા અંદાજે 6 તોલા સોનાનાં ઘરેણાં તેમની જાણ બહાર વેચી દીધા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ બનાવમાં ફરિયાદના આધારે પોલીસે પંકજ સોનીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## કુકરમુંડામાં ટેમ્પોમાં લઈ જવાતી સાત ગાયને બચાવાઈ

કુકરમુંડા: મહારાષ્ટ્ર બોર્ડર નજીક પીશાવર પોલીસ ચેકપોસ્ટ પર વાહન ચેકિંગ દરમિયાન કુકરમુંડા પોલીસે ગૌવંશની ગેરકાયદે હેરાફેરી કરતા એક આરોપીને ઝડપી ૭ ગાયને બચાવી હતી. પોલીસે MH-19-CX-0061 નંબરના અશોક લેલેન્ડ બડા દોસ્ત ટેમ્પોમાં ક્રૂરતાપૂર્વક છુપાવીને લઈ જવામાં આવતી ગાયો સાથે રહીમુદ્દિન સરકુદ્દિન શેખ (રહે.,ધુલિયા, મહારાષ્ટ્ર)ને પકડી પાડ્યો હતો. જ્યારે મોસીન કુરેશી, નદીમ કુરેશી અને શાહરૂખ ઉર્ફે બોબડો (રહે.,અક્કલકૂવા, મહારાષ્ટ્ર)ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. પોલીસે ૭ ગાય, ટેમ્પો, મોબાઈલ સહિત કુલ અંદાજે રૂ.૩.૭૫ લાખનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# બુહારી ગ્રા.પં.માં ઉમેદવારીના દાખલામાં છબરડાથી દાવેદારોમાં તલાટી પ્રત્યે રોષ

**ફોર્મ** રદ થવાના ડરે ઉમેદવારોએ TDOને રજૂઆત કરી

વાલોડ: વાલોડ તાલુકાની બુહારી ગ્રામ પંચાયતમાં વધુ એક ગંભીર બેદરકારી પ્રકાશમાં આવી છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીની પ્રક્રિયા માટે ઉમેદવારોએ તાબડતોબ તૈયારી શરૂ કરી દીધી છે. ત્યારે બુહારી ગ્રામ પંચાયતના તલાટી-કમ-મંત્રીની ઘોર બેદરકારી બહાર આવી છે. ઉમેદવારી નોંધાવવા માટે જરૂરી એવા મહત્ત્વના દાખલાઓમાં નામોની ભૂલ અને આંકડાકીય ક્ષતિઓ રહેતાં ઉમેદવારોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. આ મામલે ક્ષતિગ્રસ્ત દાવેદારોએ તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત કરી તપાસની માંગ કરી છે.

બુહારી ગ્રામ પંચાયતના તલાટી વિકાસ ચૌધરી દ્વારા આપવામાં આવેલા 'શૌચાલય પ્રમાણપત્ર', 'નો-ડ્યૂઝ' અને 'મતદાર યાદીમાં સમાવિષ્ટ દાખલા'માં ઉમેદવારોનાં નામમાં મોટી ભૂલો જોવા મળી છે. નિમેશ રમણભાઈ ભંડારી અને જિજ્ઞાસા નિમેશ ભંડારી નામના દાવેદારોને અપાયેલા દાખલાઓમાં આંકડાકીય અને તકનીકી ક્ષતિઓ રહી ગઈ છે. ઉમેદવારોનો આક્ષેપ છે કે વહીવટી તંત્રની આ આળસને કારણે તેમનું ફોર્મ રદ થઈ શકે છે. જે તેમના ચૂંટણી લડવાના મૂળભૂત અધિકાર પર તરાપ સમાન છે. તલાટીની કામગીરી સામે સવાલ ઊભા થઈ રહ્યા છે. વેરા અને લેણાં બાકી ન હોવાનાં પ્રમાણપત્રોમાં જે પ્રકારની ઉતાવળ અને બેદરકારી દાખવવામાં આવી છે, તેનાથી દાવેદારોની મુશ્કેલીમાં વધારો થયો છે. તલાટી સામે કડક પગલાં લેવા માટેની માંગ ઊઠતા રાજકીય માહોલ ગરમાયો છે. હાલમાં આ મુદ્દો માત્ર બુહારી જ નહીં પણ સમગ્ર વાલોડ પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે. હવે જોવાનું એ રહે છે કે TDO આ બાબતે તપાસ કરી તલાટી સામે શું કાર્યવાહી કરે છે અને ઉમેદવારોના દાખલાઓમાં સમયસર સુધારો થાય છે કે કેમ એ જોવું રહ્યું.

# બારડોલીના ડી-માર્ટમાં બોર્ડ પર 295 અને બિલમાં રૂ.335 ખંખેરી લેવાયા!

**લિક્વિડની** ખરીદીમાં મહિલા ગ્રાહક સાથે છેતરપિંડીના આક્ષેપ

બારડોલી: બારડોલીમાં શાસ્ત્રી રોડ પર આવેલા જાણીતા ડી-માર્ટ સુપરસ્ટોર સામે ગ્રાહક સાથે છેતરપિંડી અને વધારાનાં નાણાં પડાવવાનો ગંભીર આક્ષેપ સાથે રતનપાર્ક સોસાયટીમાં રહેતા કવિતાબેન શાહ દ્વારા બારડોલી પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપી ન્યાયની માંગ કરવામાં આવી છે.

ફરિયાદ મુજબ ગત તા.૮ એપ્રિલના રોજ ગ્રાહકે ડી-માર્ટમાંથી 'વિમ લિક્વિડ'ના ૨ લીટરના બે પેકેટ ખરીદ્યાં હતાં. સ્ટોરમાં મારેલા બોર્ડ મુજબ તેની એમ.આર.પી. ૪૩૫ હતી, જ્યારે ડી-માર્ટ પ્રાઇસ ૨૯૫ દર્શાવવામાં આવી હતી. આમ, પ્રતિ બોટલ ૧૪૦ના ડિસ્કાઉન્ટની જાહેરાત કરવામાં આવી હતી. જો કે, બિલિંગ સમયે સ્ટોર દ્વારા ૨૯૫ને બદલે ૩૩૫ લેખે ભાવ વસૂલી ગ્રાહક સાથે છેતરપિંડી આચરવામાં આવી હોવાનું જણાયું હતું. અરજદારે આક્ષેપ કર્યો છે કે ડી-માર્ટ દ્વારા આ પ્રકારે અનેક ગ્રાહકો પાસેથી મોટી રકમ પડાવવામાં આવે છે. આ મામલે પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે અને ગ્રાહકો પાસેથી પડાવેલી વધારાની રકમ પરત અપાવવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે. આ ઘટનાને પગલે સ્થાનિક ગ્રાહકોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે.

## નેત્રંગના સાકવા ગામે મધ્યાહન ભોજન સંચાલક પર હુમલો

નેત્રંગ: નેત્રંગના સાકવા ગામની પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન બનાવતા નરેશભાઈ વસાવા અને તેમની પત્ની પર ગામના જ એક પરિવારે હુમલો કર્યો હતો. નયન વસાવાએ પોતાની પત્ની સાથે આડા સંબંધની શંકા રાખી પુત્ર કાલુ અને પત્ની લતા સાથે મળી દંપતીને લાકડીઓ વડે માર માર્યો હતો. ઈજાગ્રસ્ત નરેશભાઈને સારવાર માટે રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે. આ મામલે નેત્રંગ પોલીસે ત્રણેય હુમલાખોરો વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### કામરેજમાં ઘરકંકાસથી કંટાળી આપઘાત કરવા નીકળેલી મહિલાને બચાવાઈ

કામરેજ: કામરેજ ચાર રસ્તા પાસે સુરત જિલ્લા ટ્રાફિક પોલીસે સમયસૂચકતા વાપરીને એક મહિલા અને તેના બાળકોનો જીવ બચાવી માનવતા મહેકાવી છે. હાઈવે પર પેટ્રોલિંગ દરમિયાન હેડ કોન્સ્ટેબલ વિપુલભાઈએ એક મહિલાને બાળકો સાથે ચાલુ વાહનને આપઘાતનો પ્રયાસ કરતા જોઈ હતી. પોલીસે તુરંત વાહનો અટકાવી પરિવારને સલામત સ્થળે ખસેડ્યો હતો. PSI આઈ.એ.સિસોદિયા દ્વારા કરાયેલા કાઉન્સિલિંગમાં જાણવા મળ્યું કે મહિલા ઘરકંકાસથી કંટાળી આ પગલું ભરી રહી હતી. પોલીસે પરિવારનો સંપર્ક કરી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

### અંકલેશ્વરમાં કોંગ્રેસના દાવેદારોએ ઉમેદવારી કરી

અંકલેશ્વર: અંકલેશ્વર નગર સેવાસદનની આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ ફોર્મ ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થયો છે. વોર્ડ નં.8 માટે કોંગ્રેસમાંથી ગુરુવારે પ્રાંત અધિકારીની કચેરી ખાતે ઉમેદવારીપત્રો દાખલ કરવામાં આવ્યા હતા. આ વોર્ડમાંથી જહાંગીર પઠાણ, બખતીયાર પટેલ, સીતા વસાવા તથા શબનમ મલેકે સત્તાવાર રીતે ઉમેદવારી નોંધાવી હતી.

### દસ્તાનમાં ૨.૫૬ લાખનો દારૂ ઝડપાયો

પલસાણા: પલસાણાના દસ્તાન ગામની સીમમાં આવેલી શ્રી વિનાયક વિલા સોસાયટીના એક બંધ મકાનમાં પોલીસે દરોડો પાડી રૂ.2,56,800 ની કિંમતનો વિદેશી દારૂ અને બીયરનો જથ્થો ઝડપી પાડ્યો છે. બાતમીના આધારે મકાન નંબર 87 માં કરાયેલી તપાસ દરમિયાન અલગ-અલગ બ્રાન્ડની કુલ 1,152 નંગ બોટલો મળી આવી હતી. પોલીસે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી દારૂનો જથ્થો મંગાવનાર અને સપ્લાય કરનારની શોધખોળ હાથ ધરી છે.

### ઇટાળવામાં વાહન અડફેટે યુવકનું મોત

પલસાણા: મૂળ ઉત્તર પ્રદેશ અને હાલ ઈટાળવામાં લાલજી મુલજી ટ્રાન્સપોર્ટના ગોડાઉનમાં મજૂરીકામ કરતો રવિકુમાર ગજરાજસિંહ ગત તા.7/4/2026ના રોજ રાત્રે આશરે 10:30 વાગ્યાની આસપાસ હાઈવે ક્રોસ કરી રહ્યો હતો. દરમિયાન ધુલિયાથી હજીરા તરફ જતા ટ્રેક પર એક અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પૂરઝડપે હંકારી રવિકુમારને ટક્કર મારતાં તેનું મોત થયું હતું.

### મોબાઇલ સ્નેચિંગના ગુનાનો આરોપી ઝડપાયો

પલસાણા: સુરત જિલ્લા એલસીબી અને પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમે બાતમીના આધારે ખોલવડ બજારમાંથી રીઢા ગુનેગાર દીપક રાકેશ વસાવા (રહે., ભાદા, મોરા કોલોની, તા.કામરેજ)ને ઝડપી પાડ્યો છે. આરોપી કામરેજ અને કોસંબા પોલીસ મથકના મોબાઈલ સ્નેચિંગના ત્રણ ગુનામાં લાંબા સમયથી વોન્ટેડ હતો. તપાસમાં સામે આવ્યું છે કે, ઝડપાયેલ આરોપી ગુનાહિત ઇતિહાસ ધરાવે છે, જેની સામે મહુવા, ગણદેવી, કડોદરા અને કોસંબા સહિતના મથકોમાં અગાઉ અનેક ગુના નોંધાઈ ચૂક્યા છે. હાલ પોલીસે આરોપીની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### કીમ ચાર રસ્તા નજીક પડી ગયેલા વૃદ્ધનું મોત

હથોડા: કીમ ચાર રસ્તા નજીકથી પસાર થઈ રહેલા 65 વર્ષના હર્ષદભાઈને ચક્કર આવતાં પડી ગયા હતા. જેમને કોઈ રાહદારીએ 108ને ફોન કરી બોલાવતાં સુરત સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું.

### પલસાણામાં શ્રમિક યુવાનનો આપઘાત

પલસાણા: પલસાણા ગામે મહાદેવ ફળિયામાં રહેતા ૧૮ વર્ષીય શ્રમિક યુવાન બ્રિજમોહન ભારતભાઈ દોહરેએ અગમ્ય કારણોસર ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. મૂળ મધ્યપ્રદેશનો આ યુવાન મજૂરીકામ કરતો હતો. તેણે પોતાના રૂમમાં પંખાના હૂક સાથે સુતરાઉ પટ્ટી બાંધી જીવન ટૂંકાવ્યું હતું. ઘટના અંગે પલસાણા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### અંકલેશ્વરમાં સ્ક્રેપ માર્કેટમાં તસ્કરો ત્રાટક્યા

અંકલેશ્વર: અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે પર આવેલા સ્ક્રેપ માર્કેટમાં ચોરીની ઘટના બની છે. રિક્ષામાં આવેલા બે તસ્કર દુકાનમાંથી ટાયર ડ્રમ સહિતનો સામાન ચોરી ફરાર થઈ ગયા હતા. આ સમગ્ર ઘટના CCTVમાં કેદ થઈ છે, જેના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે. વધતી ચોરીઓને પગલે સ્થાનિક વેપારીઓમાં ચિંતા અને અસુરક્ષા વ્યાપી છે.

### ભરૂચમાં ઓટો રિક્ષામાંથી દારૂ ઝડપાયો

ભરૂચ: ભરૂચ 'એ' ડિવિઝન પોલીસે બાતમીના આધારે BSNL ઓફિસ પાસે વોચ ગોઠવી એક ઓટો રિક્ષા નં.(GJ-16-AT-8581) ઝડપી પાડી હતી. તપાસ દરમિયાન રિક્ષામાંથી વિદેશી દારૂની 5 બોટલ મળી આવી હતી. તે દમણથી ટ્રેનમાં બેસીને દારૂ લાવ્યો હતો. પોલીસે રૂ.6,500નો મુદ્દામાલ જપ્ત કરી આરોપી રાજેશ ઉર્ફે શંભુ મિસ્ત્રીની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

### મહારાષ્ટ્રના કુરારનો વોન્ટેડ આરોપી ઝડપાયો

પલસાણા: સુરત જિલ્લા એલસીબીને બાતમી મળી હતી હતી કે, મુંબઈના કુરાર વિલેજ પોલીસ સ્ટેશનના રાયોટિંગના ગુનામાં વોન્ટેડ આરોપી ઈદરીશ ગુલાબનબી સુરતી (રહે., કુરાર, મલાડ પૂર્વ, મુંબઈ) પલસાણા પોલીસ સ્ટેશનની હદમાં બલેશ્વરમાં સંતાયેલો છે. જેના આધારે પોલીસે તેને બલેશ્વરથી પકડી પાડ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં તેની સામે 31મી માર્ચ-2026થી રાયોટિંગના ગુનામાં વોન્ટેડ હોવાનું જણાવ્યું હતું. આરોપીનો કબજો મુંબઈ પોલીસને સોંપ્યો હતો.

### વલસાડના દારૂના ગુનાનો આરોપી ઝડપાયો

પલસાણા: સુરત એલસીબીને બાતમી મળી હતી કે વોન્ટેડ આરોપી કુરબાન જહીરઉલ્લા શેખ (રહે.,કડોદરા) પલસાણાના કરણ ગામની સીમમાં હાજર છે. બાતમીના આધારે પોલીસે કરણ-તલોદરા રોડ પર વોચ ગોઠવી ૨૬ વર્ષીય આરોપી કુરબાન શેખને દબોચી લીધો હતો. આરોપીએ પ્રાથમિક પૂછપરછમાં ભીલાડ પોલીસ મથકે નોંધાયેલા દારૂના ગુનામાં પોતે વોન્ટેડ હોવાની કબૂલાત કરી હતી. હાલમાં સુરત ગ્રામ્ય LCBએ આરોપી વિરુદ્ધ કાર્યવાહી કરી તેને પલસાણા પોલીસ મથકે સોંપવાની તજવીજ હાથ ધરી છે.

### ઓલપાડના કારેલી ગામનો આધેડ ગુમ

સાયણ: ઓલપાડના કારેલી ગામે નિશાળ ફળિયામાં રહેતા મુકેશભાઈ ઈશ્વરભાઈ રાઠોડ (ઉં.વ.૫૦) ગત તા.૪ના રોજ બગુમરા ગામે સગાઈમાં જવાનું કહી નીકળ્યા બાદ રહસ્યમય રીતે ગુમ થયા છે. પત્ની ઉષાબેને ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ઘઉંવર્ણના અને સફેદ શર્ટ-કાળો પેન્ટ પહેરેલા આધેડની શોધખોળ હાથ ધરી કાર્યવાહી શરૂ કરી છે.

### સોનગઢમાં દારૂના ગુનાનો આરોપી ઝડપાયો

સોનગઢ: સોનગઢમાં ક્રાઈમ બ્રાન્ચ અને પેરોલ ફર્લો સ્ક્વોડે સંયુક્ત ઓપરેશનમાં દારૂબંધીના ગુનામાં છેલ્લા એક વર્ષથી વોન્ટેડ આરોપી મુનાફ ખાન પઠાણને ઓટા ચાર રસ્તા પાસેથી ઝડપી પાડ્યો હતો. સુરતનો વતની આ આરોપી લાંબા સમયથી પોલીસને થાપ આપી રહ્યો હતો. હાલ તેની અટકાયત કરી કાર્યવાહી શરૂ કરાઈ છે.

### અંકલેશ્વર-પાનોલી માર્ગ પર ટ્રાફિક પ્રતિબંધ

અંકલેશ્વર: અંકલેશ્વર-પાનોલી વાયા ઉમરવાડા આલુંજ રોડ આગામી 60 દિવસ માટે વાહન વ્યવહાર માટે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. માર્ગના રિસર્ફેસિંગ અને સ્ટ્રેન્ધનિંગની કામગીરી હાથ ધરાતા તંત્ર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. અંકલેશ્વર-પાનોલી વાયા ઉમરવાડા આલુંજ રોડ પર માર્ગ સુધારણા કામગીરી શરૂ થવાને કારણે વાહન વ્યવહાર પર અસ્થાયી પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ભરૂચ જિલ્લાના ઇનચાર્જ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા આ અંગે સત્તાવાર જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ સમયગાળા દરમિયાન વાહનચાલકોને ગોયા બજારથી અંકલેશ્વર-હાંસોટ રોડ મારફતે વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા સૂચના અપાઈ હતી.